# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ००૧. ગુજરાત. ફોનઃ (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૧૫૬

કુલપતિઃ (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવઃ (ઓ) ૨૪૨૮૦૧૪ ફેક્સઃ (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩

ઈમેઈલઃ registrar@mkbhavuni.edu.in વેબસાઈટઃ www.mkbhavuni.edu.in


**એકેડેમિક / GCAS / ૧૩૪૫ /ઈ–મેઈલ/ ૨૦૨૬** **તાઃ ૦૫ / ૦૯ / ૨૦૨૬**

વિષય : GCAS પ્રવેશ સત્ર ૨૦૨૬-૨૭ – સ્નાતક(UG) અને અનુસ્નાતક(PG) કક્ષાની ખાલી રહેલ બેઠકો ભરવા માટે કોલેજ-યુનિવર્સિટી કક્ષાનો મોપ-અપ યોજવા બાબત

સંદર્ભ : GCAS/UG/મોપ-અપ/૨૦૨૬-૨૭/૯૮૬, તા:૦૩/૦૯/૨૦૨૬

પરિપત્ર :

આથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન ભવનો/કોલેજો/ડિપ્લોમા-પીજી ડિપ્લોમા કેન્દ્રો/અનુસ્નાતક કેન્દ્રોનાં અધ્યક્ષશ્રીઓ/આચાર્યશ્રીઓ/કોર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, GCAS પોર્ટલ મારફતે પ્રવેશ-સત્ર ૨૦૨૬-૨૭ માટે સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાના પ્રવેશના નિયત તમામ રાઉન્ડ તથા ખાલી બેઠકોનો રાઉન્ડ (VSBC) પૂર્ણ થયેલ છે. તેમ છતાં, VSBC રાઉન્ડ બાદ પણ બાકી રહેતી જગ્યાઓ પર જે વિદ્યાર્થીઓ આજ દિન સુધી પ્રવેશ મેળવેલ નથી કે પ્રવેશ માટે અરજી કરી નથી તેમને વધુ એક તક આપવા માટેની વિનંતીને ધ્યાને લેતાં, ઉપલબ્ધ ખાલી બેઠકોનો મહત્તમ ઉપયોગ થાય, કોઈ પણ પાત્ર વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે અને પ્રવેશ પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે હેતુસર, GCAS પોર્ટલ પર સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાની ખાલી બેઠકો માટે નીચે મુજબ **કૉલેજ-યુનિવર્સિટી કક્ષાનો મોપ-અપ રાઉન્ડ** યોજવાનું નક્કી કરવામાં આવેલ હોય આપશ્રીની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે:

### ૧. MOP-UP ROUNDની સમયમર્યાદા

MOP-UP ROUND અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા **તા.૦૭/૦૯/૨૦૨૬(સોમવાર) થી તા.૧૧/૦૯/૨૦૨૬(શુક્રવાર) સાંજે ૦૫:૦૦ કલાક** સુધી હાથ ધરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન સંબંધિત કોલેજો/ભવનોએ ખાલી બેઠકો સામે **GCAS પોર્ટલ પર Admission Confirmationની કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.**

### ૨. ખાલી બેઠકોની વિગતો

તમામ કોલેજો/ભવનોએ પોતાના સંલગ્ન અભ્યાસક્રમોની ઉપલબ્ધ **વાસ્તવિક ખાલી બેઠકોની સંખ્યા અભ્યાસક્રમવાર (Program-wise)** ચકાસી લેવી જે અંગે કોઈ વિસંગતતા ન રહે તે ખાસ તકેદારી રાખવાની રહેશે.

### ૩. વિદ્યાર્થીઓની અરજી તથા પ્રવેશ

MOP-UP ROUND દરમિયાન પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર ઉપલબ્ધ સૂચનાઓ અનુસાર જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.સંબંધિત કોલેજ દ્વારા પ્રાપ્ત અરજીઓની ચકાસણી કરી, ઉપલબ્ધ ખાલી બેઠક તથા લાગુ પડતા પ્રવેશ નિયમો અનુસાર **પાત્ર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.**

### ૪. પાત્રતા તથા દસ્તાવેજોની ચકાસણી

પ્રવેશ પ્રક્રિયા દરમિયાન સંબંધિત યુનિવર્સિટીના પ્રવર્તમાન પ્રવેશ નિયમો મુજબ **Eligibility, Merit Calculation, Tie-Breaker તથા અન્ય લાગુ પડતી જોગવાઈઓનું** પાલન કરવાનું રહેશે. દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ જ વિદ્યાર્થીને પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

### ૫. Admission Confirmation

વિદ્યાર્થીને પ્રવેશ અન્વયે સંબંધિત કોલેજે GCAS પોર્ટલ પર **Admission Confirmation**ની કાર્યવાહી ફરજિયાતપણે પૂર્ણ કરવાની રહેશે. કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ GCAS પોર્ટલ પર કન્ફર્મ કર્યા વિના માત્ર કોલેજના આંતરિક રેકોર્ડમાં પ્રવેશ દર્શાવવાનો રહેશે નહીં.

### ૬. ફી તથા અન્ય કાર્યવાહી

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૦૧. ગુજરાત. ફોનઃ (P.B.X.) ૨૪૩૦૦૦૨–૬–૭/ ૨૫૧૧૫૬
કુલપતિઃ (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવઃ (ઓ) ૨૪૨૮૦૧૪ ફેક્સઃ (૦૨૭૮) ૨૪૨૬૭૦, ૨૫૧૩૯૪૩
ઈમેઈલઃ registrar@mkbhavuni.edu.in વેબસાઈટઃ www.mkbhavuni.edu.in


પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસેથી સંબંધિત યુનિવર્સિટી/કોલેજના પ્રવર્તમાન નિયમો અનુસાર નિયત ફી મેળવવાની રહેશે.

**૭. વિદ્યાર્થીઓને જાણ કરવાની કાર્યવાહી**

તા.૦૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૧/૦૯/૨૦૨૬ દરમિયાન પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેવાની બાબત વિદ્યાર્થીઓના ધ્યાન પર મૂકવાની રહેશે.તમામ કોલેજોએ MOP-UP ROUND અંગેની માહિતી વિદ્યાર્થીઓ સુધી વ્યાપક પ્રમાણમાં પહોંચાડવા માટે કોલેજના **નોટિસ બોર્ડ, વેબસાઈટ, સોશિયલ મીડિયા તથા અન્ય ઉપલબ્ધ માધ્યમો**નો ઉપયોગ કરવાનો રહેશે જેથી કોઈ પણ પાત્ર વિદ્યાર્થી માહિતીના અભાવે વંચિત ન રહે.

**૮. પ્રવેશ પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવા બાબત**

MOP-UP ROUNDની સમગ્ર પ્રવેશ પ્રક્રિયા **તા. ૧૧/૦૯/૨૦૨૬ (શુક્રવાર) સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં** પૂર્ણ કરવાની રહેશે. તે દરમિયાન કોઈપણ પ્રકારની વિલંબની પરિસ્થિતિ ઊભી ન થાય અને ઉપલબ્ધ ખાલી બેઠકોનો મહત્તમ ઉપયોગ થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

**૯. GCAS પોર્ટલ પર માહિતીની ચોકસાઈ – Vacant Seats**

https://gcas.gujgov.edu.in/cmsforms/frmvaccantcutoff.aspx

**૧૦. અંતિમ સૂચના**

MOP-UP ROUND એ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ની ખાલી રહેલ બેઠકો ભરવા માટેની અંતિમ તક હોય તમામ સંલગ્ન કોલેજો/ભવનોએ ઉપરોક્ત સૂચનાઓનું **ચુસ્તપણે પાલન કરી તા. ૦૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૧/૦૯/૨૦૨૬ દરમિયાન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.**કોઈપણ પાત્ર વિદ્યાર્થી માત્ર જરૂરી માહિતીના અભાવે પ્રવેશથી વંચિત ન રહે તે માટે તમામ સંલગ્ન કોલેજોએ આ અંગે જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

ઈ. કુલસચિવ

પ્રતિ,
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન ભવનો/કોલેજો/ડિપ્લોમા-પીજી ડિપ્લોમા કેન્દ્રો/અનુસ્નાતક કેન્દ્રોનાં અધ્યક્ષશ્રીઓ/આચાર્યશ્રીઓ/કોર્ડીનેટરશ્રીઓ...

<u>નકલ જાણ સારું રવાના:</u>

(૧)કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૨)પ્રો. બી. સી. અજમેરા,નોડલ ઑફિસર, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૩)મેમ્બર સેક્રેટરીશ્રી, GCAS સેલ, KCG, અમદાવાદ